INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૧-૦૯-૨૦૨૪**

- **ગુજરાતને હચમચાવી નાખતી રાજકોટની ઘટના, આર્થિક મુશ્કેલીમાં મુકાયેલા એક જ પરિવારના આઠ સભ્યોનો સામુહિક આપઘાતનો પ્રયાસ.**
- **આર્થિક વિકાસના ખોખલા દાવાઓ વચ્ચેની ક્રુર વાસ્તવિકતા અને ભાજપ સરકારની નીતિના કારણે વધતી જતી અસમાનતા.**

ગુજરાતને હચમચાવી નાખતી રાજકોટની ઘટના, આર્થિક મુશ્કેલીમાં મુકાયેલા એક જ પરિવારના આઠ સભ્યોનો સામુહિક આપઘાતનો પ્રયાસ ચિંતાજનક છે ત્યારે આર્થિક વિકાસના ખોખલા દાવાઓ વચ્ચેની ક્રુર વાસ્તવિકતા અને ભાજપ સરકારની નીતિના કારણે વધતી જતી અસમાનતા પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, વિકાસની આંધળી દોટમાં વધતી જતી અસમાનતા વચ્ચે છેલ્લા પંદર મહિનામાં ગુજરાતમાં ૧૭ થી વધુ પરિવારોએ સામુહિક આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું છે અને ૨૨ થી વધુ સામુહિક આત્મહત્યા કરી જીવન ટુંકાવાના પ્રયાસ થયા છે. આર્થિક સંકડામણ, વધતી જતી અસમાનતા, સામાજિક અસુરક્ષા, ડર, વ્યાજના ચક્કરમાં દેવાદારી, ભય, દેવાદારીના બોજ નીચે ભીંસમાં આવેલા પરિવારોએ ના છૂટકે સામૂહિક રીતે જીવન ટુંકાવવા બન્યા મજબુર બની રહ્યાં છે. ગતિશીલ - પ્રગતિશીલ ગુજરાત માટે ચિંતાનો વિષય છે. દેશમાં વર્ષ ૨૦૨૨ માં ૧,૭૦,૦૦૦ નાગરિકોએ આપઘાત કરીને જીવન ટુંકાવ્યું છે જે પૈકી ત્રીજાભાગના એટલે કે ૫૫,૦૦૦ જેટલા આપઘાત કરનારાઓમાં રોજમદાર, ખેતમજદુરો, ખેડૂતોનો સમાવેશ થાય છે. ગુજરાતમાંથી ૩ વર્ષમાં કુલ ૨૫૮૪૧ વ્યક્તિએ આત્મહત્યા કરી છે. આમ, પ્રતિ દિવસે સરેરાશ ૨૫ વ્યક્તિ આત્મહત્યા કરે છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરોના અહેવાલ અનુસાર, વર્ષ ૨૦૨૦માં ૮૦૫૦, ૨૦૨૧માં ૮૭૮૯ અને ૨૦૨૨માં ૯૦૦૨ વ્યક્તિએ આત્મહત્યા કરી હતી. આત્મહત્યા કરનારાના પ્રમાણમાં ચિંતાજનક રીતે સતત વધારો થઈ રહ્યો છે. ૨૦૨૦ કરતાં ૨૦૨૨માં આત્મહત્યા કરનારાનું પ્રમાણ ૧૦ ટકાથી વધારે હતું. વર્ષ ૨૦૨૨માં પારિવારિક સમસ્યાને કારણે સૌથી વધુ ૨૨૮૫, બીમારીને કારણે ૧૭૪૭, લગ્નને કારણે ૩૬૭ વ્યક્તિએ આત્મહત્યા કરેલી છે. આત્મહત્યા કરવામાં હાઉસવાઈફનું પ્રમાણ સૌથી વધુ ૧૭૬૧ છે.

રોજનું કમાઈ રોજનો ખર્ચ - ફેરીયા - લારી - પાથરણાવાળા - રોજમદારની આત્મહત્યાના કિસ્સામાં ૫૦.૪૪ ટકાનો વધારો થયો છે. છેલ્લા છ વર્ષમાં ૧૬૮૬૨ રોજમદારો એ આર્થિક સંકડામણ, સામાજિક અસુરક્ષા, આવક ઘટતી જાય અને ખર્ચ વધતો જાય સહિતના કારણોથી આત્મહત્યા કરી જીવન ટુકાવ્યું છે. અસંગઠીત ક્ષેત્રના શ્રમિકોની સ્થિતિ ઘણી નાજુક છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૩૭૪૦ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું છે. દેશમાં છેલ્લા છ વર્ષમાં ૬૮૦૧૩ થી વધુ વિદ્યાર્થીઓએ અભ્યાસનો ડર, આર્થિક અસમાનતા, જાતિ ભેદ, પરીક્ષામાં નિષ્ફળતા સહિત કારણોથી જીવન ટુંકાવ્યું છે. એટલે કે દરરોજ ૩૫ થી વધુ વિદ્યાર્થીઓ જીવન ટુંકાવે છે એટલે કે દર એક-બે કલાકમાં બે વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી રહ્યા છે.

મોરબી-વાંકાનેરમાં માતા અને ૨ પુત્રી, વડોદરા-વાઘોડીયામાં પતિ-પત્નિ-બાળક, સુરેન્દ્રનગર-દુધરેજમાં માતા-પિતા-દિકરી, સુરત-સરથાણામાં માતા-દિકરી, વડોદરા-કાછિયાપોળમાં માતા-પુત્ર-પતિ, ડીસામાં પુત્ર-પિતા, જુનાગઢ-વંથલીમાં માતા-પિતા-સંતાન, ભાવનગરમાં ભાઈ-બહેન, સુરત-રાંદેરમાં માતા-બે બાળકો પુત્ર - પુત્રી, ધોળકા-અમદાવાદમાં પિતા-પુત્ર, સુરતમાં પતિ - પત્નિ - પિતા - માતા - 3 સંતાન, બનાસકાંઠામાં પુત્રવધુ - સાસુ - બે બાળકો અને બોટાદ-નિંગાળામાં પિતા અને ત્રણ સંતાન એમ કુલ જુદી જુદી ૧૭ જેટલા પરિવારના સામુહિક આત્મહત્યાની ૧૭ જેટલી ઘટનાઓ ગુજરાતના વાસ્તવિક સામાજીક અને આર્થિક ચિંતાજનક ચિત્રને ઉજાગર કરે છે.

ગુજરાતમાં આત્મહત્યા ના સતત વધી રહેલા બનાવો ચિંતાજનક છે. વધતી જતી આર્થિક સંકડામણ, દેવાનો ભાર, સામાજિક અસુરક્ષાના દબાણ હેઠળ જીવન ટુંકાવવા મજબૂર બનતા ગુજરાતના નાગરિકોના જીવ બચાવવા માટે ભાજપ સરકાર ગંભિરતા સાથે સંવેદનશીલતા દાખવીને સામાજીક, આર્થિક ક્ષેત્રના નિષ્ણાંતો, માનસશાસ્ત્રીઓ અને શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી સક્રિય કામગીરી કરશે તો જ માનવ જીંદગીને આત્મહત્યા કરતા અટકાવી શકાશે.

ડૉ. મનિષ એમ. દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા